# ડીઝલમાં રૂપિયા પાંચનો ભાવ વધારો

નવીદિલ્હી, તા.૧૩

મોંઘવારીનાં કારણે પરેશાન સામાન્ય લોકોને આજે મરણતોલ ફટકો પડ્યો છે કારણ કે રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિએ આજે ડીઝલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા પાંચનો વધારો ઝીંકવાનો નિર્ણય કર્યો હતો. સાથે સાથે સબસિડીવાળા સ્થાનિક એલપીજી સિલિન્ડરની સંખ્યા એક વર્ષમાં ૬ સુધી મર્યાદિત કરી દેવામાં આવી છે. બીજીબાજુ પેટ્રોલ, કેરોસીન અને એલપીજીની કિંમતમાં કોઈપણ વધારો કરવામાં આવ્યો નથી. જોકે ડીઝલની કિંમતમાં કમરતોડ ભાવ વધારો કરાતાં અન્ય ચીજ-વસ્તુઓનાં ભાવ ઉપર સીધી અસર થવાની અને ભાવ વધારો થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. વડાપ્રધાન મનમોહન સિંહના નેતૃત્વમાં કેબિનેટ સમિતિની મિટિંગ યોજાઈ હતી. ઉંચા આંતરરાષ્ટ્રીય ક્રુડના ભાવના અનુસંધાનમાં નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે અંદાજિત અંડર રિક્વરીનો આંકડો ૧૮૭૧૨૭ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઉભી થયેલી સ્થિતિને પહોંચી વળવાના પાસા ઉપર ચર્ચા કરવા આ મિટિંગ યોજાઈ હતી.

અમેરિકી ડોલર સામે રૂપિયાનું અવમૂલ્યન થઈ રહ્યું છે. જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) દ્વારા ભાવ વધારો ઝીંકવા માટે છેલ્લાં ઘણાં સમયથી રજૂઆત કરવામાં આવી રહી હતી.

ડીઝલની કિંમતમાં ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. વેટ સિવાય ડીઝલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા પાંચનો વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ૨ ટકા સેઝ અને ૨૧ ટકા વેટને ગણવામાં આવે તો ડીઝલની કિંમતમાં વધારો લિટરદીઠ ૫.૬૦ થશે એનો મતલબ એ થયો કે ગુજરાતમાં વધારો લોકો ઉપર વધુ પડશે. અમદાવાદમાં હાલ ડીઝલનો ભાવ ૪૫.૭૮ હતો જે વધીને હવે ૫૧.૩૮ થશે. વેટ સિવાય ડીઝલની કિંમતમાં રૂપિય પાંચનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ડીઝલના વેચાણ પર અંડરરિક્વરી આ ભાવ વધારો ઝીંકવામાં આવ્યા બાદ પણ ૧૦૩૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે.

દિલ્હીમાં ડીઝલની સુધારવામાં આવેલી કિંમત પ્રતિ લિટર ૪૭ થશે. પેટ્રોલની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. અલબત્ત પેટ્રોલ ઉપર લિટરદીઠ અંડરરિક્વરી રૂપિયા છ છે. ઓએમસીને નુકસાન લિટર દીઠ ૫.૩૦ રૂપિયા છે.

કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણયોથી આગામી દિવસોમાં ભારે હોબાળો થવાની શક્યતા દેખાઈ રહી છે કારણ કે સબસિડીવાળા સિલિન્ડરની સંખ્યા મર્યાદિત કરવામાં આવી છે. અલબત્ત પેટ્રોલ, કેરોસીન અને એલપીજીની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓને કેરોસીન લિટરદીઠ ૩૪.૩૪ની ઓછી કિંમતે વેચવાની ફરજ પડી રહી છે જ્યારે એલપીજી ૩૪૭ રૂપિયા ઓછી કિંમતે વેચવાની ફરજ પડી રહી છે. પીડીએસ કેરોસીનની કિંમતમાં કોઈ વધારો કરાયો નથી. પીડીએસ કેરોસીન હાલ દિલ્હીમાં લિટર દીઠ ૧૪.૮૩ના ભાવે વેચાય છે. કેરોસીનના વેચાણ પર વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ઓએમસીની અંડર રિક્વરી ૩૨૦૦૦ કરોડની હતી. કેબિનેટના નિર્ણયને લઈને વિરોધપક્ષો આક્રમક મૂડમાં આવી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે જુન બાદથી રાંધણગેસ અને ડીઝલમાં કોઈ સુધારો કરાયો નહતો. જુન ૨૦૧૦માં પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરવામાં આવી હતી.

**મુલાયમસિંહે યાદવે દાવો કર્યો**

## લોકસભા ચૂંટણી બાદ જ ત્રીજો મોરચો રચાશે

લોકસભાની ચૂંટણી બાદ ત્રીજા મોરચાની રચના કરવાની આજે સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે જાહેરાત કરી હતી. પક્ષે ત્રીજા મોરચાની રચના કરવાની તૈયારી કરી લીધી છે તેવી જાહેરાત કર્યાના એક દિવસ બાદ મુલાયમસિંહે કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી બાદ ત્રીજા મોરચાની રચના કરવામાં આવશે. રાજકીય પરિસ્થિતીની સમીક્ષા કર્યા બાદ તમામ પાસા પર નિર્ણય કરવામાં આવશે.



ચૂંટણી પહેલા ક્યારેય ત્રીજા મોરચાની રચના કરવામાં આવી નથી. કોલકત્તામાં પક્ષની બે દિવસની બેઠકના અંતે પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી વધારે મોટી ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. સમાજવાદી પાર્ટીના જનરલ સેક્રેટરી મોહન સિંહે કહ્યું હતું કે ત્રીજા મોરચાની રચના કરવાના બિયા લગાવી દેવામાં આવ્યા છે.

મુલાયમસિંહ ઘણાં સમયથી ફરીવાર ત્રીજા મોરચાની રચના કરવાની શક્યતા ચકાસી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તાજેતરમાં જ મોટી જીત મળ્યા બાદ મુલાયમસિંહ વધુ સક્રિય થયા છે. જોકે અન્ય પ્રાદેશિક પક્ષો તેમને ટેકો આપી રહ્યા નથી છતાં મુલાયમસિંહ પોતાના સ્તરે નાના પક્ષોને મનાવવાનાં પ્રયાસો કરી રહ્યા છે. તેઓ મમતા બેનર્જી, બીજુ પટનાયક, જયલલિતા સાથે જુદી જુદી વાતચીત કરી ચૂક્યા છે.

## આજે કેબિનેટ બેઠકમાં ૪૯ ટકા એફડીઆઈનો મામલો છવાશે

નવીદિલ્હી, તા.૧૩

કેન્દ્રીય કેબિનેટની મિટીંગ આવતીકાલે મળનાર છે જેમાં ઉડ્ડયન ક્ષેત્રમાં ૪૯ ટકા એફડીઆઈના મુદ્દા પર વિસ્તારપૂર્વક વાતચીત કરવામાં આવશે. ઉડ્ડયનમાં વિદેશી સીધ મૂડીરોકાણને લઈને હજુપણ યુપીએનાં સાથી પક્ષો નારાજ દેખાઈ રહ્યા છે જેમાં મમતા બેનર્જીના તૃણમૂલ કોંગ્રેસનો સમાવેશ થાય છે. આવતીકાલે મળનારી બેઠકમાં એફડીઆઈ અંગે ધારા-ધોરણોને હળવા કરવાના મુદ્દા પર ચર્ચા થશે.

કેબિનેટ માટે એજન્ડાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. સાથી પક્ષોમાં પ્રવર્તી રહેલી ગૂંચને દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. વર્તમાન એફડીઆઈનાં ધારાધોરણો ઉપર પણ ચર્ચા-વિચારણા કરવામાં આવશે. સ્થાનિક એરલાઈન્સમાં ૪૯ ટકા એફડીઆઈનો મુદ્દો ચર્ચાશે.

નવી હિલચાલને કારણે સ્થાનિક ભારતીય કેરિયર્સમાં હિસ્સેદારી મેળવવા વિદેશી એરલાઈન્સોને તક મળશે. આવી



હિલચાલ કિંગફિશર જેવી નુકસાન કરી રહેલી એરલાઈન્સોને અતિજરૂરી રાહત આપી શકે છે. છ ઉડ્ડયન કંપનીઓ પૈકીની ચાર કંપનીઓ નફો દર્શાવી રહી છે. કિંગફિશરની હાલત સૌથી કફોડી બનેલી છે. એરલાઈન્સમાં નુકસાનનો આંકડો સતત વધી રહ્યો છે. ૪૦ ટકાના ભાડા વધારા સાથે ૨૦૧૨-૧૩નાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં એરલાઈન્સો નફો દર્શાવવામાં સફળ રહી હતી. ઉડ્ડયનમાં એફડીઆઈ ભારતીય ઉડ્ડયન સેક્ટરમાં વધુ અસરકારકતા લાવવામાં મદદરૂપ બની શકે છે. બીજિંગમાં થોડા દિવસ પહેલાં યોજાયેલ પરિષદમાં ઉડ્ડયન ઉદ્યોગો ૪૯ ટકા એફડીઆઈનાં મામલે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ઉડ્ડયન મંત્રી અજીતસિંહ કહી ચૂક્યા છે કે ઉડ્ડયન ઉદ્યોગની તકલીફ દૂર કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. સિંહે આશા વ્યક્ત કરી હતી કે, ઉડ્ડયન ક્ષેત્રમાં નાણાકીય સ્થિતિ ચિંતાજનક હોવા છતાં એફડીઆઈથી ભારતીય ઉડ્ડયન ઉદ્યોગને રાહત થશે. જોકે આનો વિરોધ શરૂ થઈ ચૂક્ય છે. તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએનાં ઘણાં સાથી પક્ષો આની સાથે વાંધો ઉઠાવ રહ્યા છે જેથી કોઈપણ નિર્ણય લેવાની બાબત યુપીએ માટે મુશ્કેલરૂપ સાબિત થઈ શકે છે.

## કેન્દ્ર સરકારનો ગુટખા ઉપર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ મૂકવાનો વિચાર

### ઓરિસ્સામાં કિલર ગુટખાના સકંજામાં દર વર્ષમાં હજારો લોકો આવી રહ્યા છે છતાં પ્રતિબંધ મૂકવાને લઈને દુવિધા

નવી દિલ્હી,તા.૧૩

કેન્દ્ર સરકાર ગુટખા ઉપર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ મૂકવાની દિશામાં આગળ વધી રહી છે. મોટાભાગના રાજ્યો ગુટખા ઉપર પ્રતિબંધ મૂકી ચૂક્યા છે ત્યારે કેન્દ્ર સરકાર પણ દેશ વ્યાપી પ્રતિબંધ મૂકવા વિચારી રહી છે. આ અંગેની ગણતરી પણ શરૂ થઈ ચૂકી છે. નેશનલ રૂરલ હેલ્થ મિશનની સમીક્ષા દરમિયાન રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધની રજૂઆત કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, કેરળ, બિહાર અને રાજસ્થાન જેવા ૧૧ રાજ્યોની સાથે દિલ્હી પણ પ્રતિબંધ માટે રજૂઆત કરવાના મૂડમાં છે. ગુટખાના વિતરણ, વેચાણ અને મેન્યુફેક્ચરીંગ ઉપર પ્રતિબંધ મૂકાની જોરદાર રજૂઆત થવા લાગી ગઈ છે. જો કે કેટલાક મોટા રાજ્યો જ્યાં ગુટખા મેન્યુફેક્ચરીંગ અને વપરાશ વધારે છે તેઓ હજુ પણ વાંધો ઉઠાવી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધારે ગુટખાનો ઉત્પાદન થાય છે.

અહીં ૨૫.૩ ટકા ધૂમાડા વગરના તમાકુનો ઉપયોગ થાય છે. તામિલનાડુમાં આઠ ટકા પુખ્તવયના લોકો ધુમાડા વગરના તમાકુનો ઉપયોગ કરે છે. અહીં હજુ પ્રતિબંધ મૂકાયો નથી. આસામમાં ૩૨.૭ટકા લોકો ગુટખાનો ઉપયોગ કરે છે. ઓરિસ્સામાં તમાકુ કેન્સરના સૌથી મોટા કારણરૂપ તરીકે છે. અહીં ૪૩ ટકા વસ્તી તમાકુનો ઉપયોગ કરે છે. અલબત્ત, ઘણા અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે ૧૦,૦૦૦ નવા કેન્સરના દર્દીઓ ઉમેરાઈ રહ્યા છે પરંતુ નવીન પટનાયક સરકાર કિલર ગુટખા સામે હજુ કોઈ વલણ નક્કી કરી શકી નથી. ગુજરાત સરકારે પણ હાલમાં ગુટખા ઉપર પ્રતિબંધ મૂકીને અન્ય રાજ્યો સાથે જોડાઈ જવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટના દિવસે સ્વતંત્રતા દિવસના પ્રસંગે પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી અને આને અમલી બનાવી દેવામાં આવ્યો છે.

## ટાટા કાંડ : વધુ ટ્રકો ખરીદવા BEMLના પત્રથી સનસનાટી

નવી દિલ્હી,તા.૧૩

ટાટ્રા ટ્રકની આયાતમાં વ્યાપક ગેરરીતિના આક્ષેપોમાં સીબીઆઈ દ્વારા ચાલી રહેલી તપાસ અને આ કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હોવા છતાં આની બિલકુલ અવગણના કરીને જાહેર ક્ષેત્રની કંપની બીઈએમએલ દ્વારા બ્રિટનમાં ટાટ્રા સિફોક્સને પત્ર લખીને કેટલીક વધુ ટ્રકની ખરીદી કરવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. સીબીઆઈએ ૩૦મી માર્ચના દિવસે એફઆઈઆર દાખલ કરી હતી જેમાં બ્રિટન સ્થિત બિઝનેસમેન રવિન્દ્રકુમાર રિષી તેમની કંપની વેક્ટ્રા અને સંરક્ષણ સંસ્થાઓમાં રહેલા કેટલાક અધિકારીઓના નામનો ઉલ્લેખ કર્યો હતો. ટાટ્રા કૌભાંડમાં આરોપી તરીકે યુકે સ્થિત બિઝનેસમેન રવિન્દ્રકુમાર અને તેમની કંપનીને પણ દર્શાવવામાં આવી હતી. આશરે બે મહિનાના ગાળામાં જ બીઈએમએલ દ્વારા ટાટ્રા સિફોક્સને પત્ર લખીને વધુ ટાટ્રા ટ્રકની ખરીદીની માંગ કરી છે. રવિન્દ્ર રિષીના વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગી દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ મુજબનો દાવો કરીને નવી ચર્ચા જગાવી દીધી છે. ટાટ્રા ટ્રક તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવવા કંપનીને લખવામાં આવેલા બીઈએમએલનો એક પત્ર પણ રજૂ કર્યો છે. રોહતાગીએ સુપ્રીમ કોર્ટની બેન્ચ સમક્ષ એમ પણ કહ્યું છે કે એક બાજુ સીબીઆઈ રિષી સામે લુકઆઉટ નોટિસ જારી કરી ચૂકી છે. સીબીઆઈનું કહેવું છે કે આરોપો ખૂબ જ ગંભીર છે. બીજી બાજુ સરકારી યુનિટ ટાર્ટા સિફોક્સ સાથે કારોબારમાં વ્યસ્ત છે. આ કંપની રિષીની માલિકીની જ છે.

હવે આ મામલે ફરી જોરદાર હોબાળો મચે તેવી શક્યતા છે. બીજી બાજુ સીબીઆઈ તરફથી દલીલ કરતા એડીશનલ સોલિસિટર જનરલ સિદ્ધાર્થ લોથરાએ કહ્યું છે કે આરોપી બ્રિટિશ નાગરિક છે.



ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવવા માટે લોકો જાતભાતના અખતરા-પ્રયોગો કરતા હોય છે. તાજેતરમાં વર્લ્ડ રેકોર્ડના પુસ્તકના નવા એડીશનના લોન્ચિંગ સમયે જાપાનીઝ ફેશન ડિઝાઈનરે ત્રણ ફુટથી વધુ ઉંચી અનોખી હેર સ્ટાઈલમાં ફોટોગ્રાફરોને પોઝ આપ્યો હતો. તેની આ અનોખી હેર સ્ટાઈલ પણ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ છે.

## ચંદ્રાબાબુની સંપત્તિ ઘટીને ૩૫ કરોડ થઈ છે : રિપોર્ટ

હૈદરાબાદ, તા.૧૩

તેલુગુદેશમ પાર્ટીના પ્રમુખ એન.ચંદ્રાબાબુ નાયડુના પરિવારની સંપત્તિમાં ઘટાડો થયો છે. આ વર્ષે પરિવારની સંપત્તિ ૪૦ કરોડથી ઘટીને ૩૫.૫૯ કરોડ થઈ ગઈ છે. ગયા વર્ષે નાયડુના પરિવારની સંપત્તિ ૪૦ કરોડ હતી. આંધ્રપ્રદેશનાં ભુતપૂર્વ મુખ્યમંત્રી નાયડુની અંગત સંપત્તિ ૩૧.૯૭ લાખ થઈ ગઈ છે જે ગયા વર્ષે ૩૯.૮૮ લાખ રૂપિયા હતી. નાયડુના પત્ની ભુવનેશ્વરીની સંપત્તિ ૨૪.૯૭ કરોડ થઈ ગઈ છે. ભુવનેશ્વરી પરિવારના બિઝનેસ વેન્ચર હેરીટેજ ફુડ ચલાવે છે. ગયા વર્ષે તેમની નેટ સંપત્તિ ૨૭.૧૮ કરોડ હતી તેમાં પણ હવે ઘટાડો થયો છે.

ભુવનેશ્વરી દેવી ૧૭.૩૮ કરોડની રકમમાં લોન અને એડવાન્સ ધરાવે છે. ગયા વર્ષે આ રકમ ૧૨.૩૮ કરોડ રૂપિયા હતી. નાયડુના પુત્ર એન.લોકેશની સંપત્તિ ગયા વર્ષે ૬.૮૨ કરોડની સામે ઘટીને ૬.૬૨ કરોડ થઈ ગઈ છે. લોકેશના પત્ની બ્રાહ્મનીની સંપત્તિ ૨.૦૯ કરોડ રૂપિયા છે. ગયા વર્ષે તેમની સંપત્તિ ૩.૨૨ કરોડ હતી. પત્રકારો સાથે વાતચીત કરતાં નાયડુએ આજે કહ્યું હતું કે, ૧૯૮૨ અને ૧૯૯૨ વચ્ચે પરિવાર દ્વારા મકાન અને કારની ખરીદી કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, તેમની સંપત્તિની ગણતરી ખર્ચના આધાર ઉપર કરાઈ છે અને તે માર્કેટ પર આધારિત નથી. રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતાએ કહ્યું હતું કે, તેઓ દર વર્ષે તેમની સંપત્તિ જાહેર કરી છે. તમામ નેતાઓને તેમની સંપત્તિ જાહેર કરવાની તેઓ અપીલ કરે છે. નાયડુ ૧૯૯૫ થી ૨૦૦૪ વચ્ચે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી હતાં.

## ૨૦ લાખથી વધુ વસતી ધરાવતાં તમામ ૧૯ શહેરોમાં મેટ્રો રેલ પ્રોજેક્ટને કેન્દ્ર ટેકો આપશે

કોચી, તા.૧૩

શહેરોનાં ક્રમશ વિકાસ માટે ચુસ્ત પરિવહન વ્યવસ્થાને મહત્વપૂર્ણ ગણાવીને વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યું હતું કે, સરકારે ૨૦ લાખથી વધુ વસ્તી ધરાવતા તમામ ૧૯ શહેરોમાં મેટ્રો ટ્રેનની વિસ્તૃત યોજના રિપોર્ટ તૈયાર કરવામાં ટેકો આપવાનો નિર્ણય કર્યો છે. કોચી મેટ્રોની ૫૧૮૧ કરોડની યોજના માટે આધારશિલા મૂકવાના પ્રસંગે સિંહે કહ્યું હતું કે, પહેલાંથી જ ૧૨ શહેરો માટે ડીપીઆર તૈયાર કરવાની પ્રક્રિયા થઈ ચુકી છે. સાત શહેરોમાં ૪૭૬ કિલોમીટરના નેટવર્ક માટે ૧.૧૫ લાખ કરોડ રૂપિયાના ખર્ચે સાત શહેરોમાં મેટ્રો રેલવેની યોજના અમલી કરવાની તૈયારી ચાલી રહી છે. સિંહે કહ્યું હતું કે, દિલ્હી મેટ્રોમાં દરરોજ આશરે ૨૨ લાખ લોકો મુસાફરી કરે છે. પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક



બનાવવાની જરૂરિયાત ઉપર તેઓએ ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, મેટ્રો રેલનું મહત્વ વધ્યું છે. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા દેશમાં પરિવહન માટે યોગ્ય પગલા લેવાયા છે. તેમણે દિલ્હી મેટ્રોની પ્રશંસા કરી હતી. સિંહે એમપણ કહ્યું હતું કે, અમને મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ સાથે શહેરોને વિકસિત કરવાની જરૂર છે. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા દેશમાં પરિવહનની વ્યવસ્થા સુધારવાના પગલા લેવામાં આવી રહ્યા છે. મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ, બસ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (બીઆરટીએસ) અને જવાહલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ શહેરી બસની મંજુરીના પગલાનો પણ સમાવેશ થાય છે. દેશના મોટાભાગના શહેરોમાં ઝડપી વિકાસની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયા યથાવત રીતે આગળ વધે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકાર હાલ જુદા જુદા ભ્રષ્ટાચારોને લઈને ટીકા-ટિપ્પણીનો સામનો કરી રહી છે ત્યારે વડાપ્રધાને કેન્દ્ર ૧૯ શહેરોમાં મેટ્રોને સમર્થન આપશે તેવી વાત કરી છે. કોલસા કૌભાંડને લઈને મનમોહનસિંહની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગી ગઈ છે. તેમના રાજીનામાની માંગણી કરીને ભાજપે હાલમાં જ સંસદના મોનસૂન સત્રમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને કામગીરી છેલ્લાં દિવસોમાં ચાલવા દીધી નહતી. ભાજપનાં દબાણનાં લીધે જ યુપીએ સરકાર કોલસા કાંડમાં જુદા જુદા એંગલથી તપાસ ચલાવવા તૈયાર થઈ છે.

## સમાચાર ઝલક

- ગાંધીધામમાં એ.ટી.એમ.માં ભરવાના રૂા. ૩ કરોડ કર્મચારીઓ લઇ ફરાર.
- મહિને રૂા. ૧૯૯ ભરી ઘરે મન પડે તેટલી ફિલ્મો જૂઓ, boxtv.com વેબસાઇટ પર.
- ચૂંટણી સમયે દારૂ પકડાયો તો પોલીસ સામે કાર્યવાહી થશે.
- વાહન ચાલકો સાથે નમ્રતાથી વર્તવા પોલીસને ખાસ સૂચના.
- પાકિસ્તાન કરાંચી - લાહોરમાં ફેકટરીમાં આગથી ૩૧૪નાં મોત.
- લિબિયામાં રોકેટ હુમલામાં અમેરિકાનાં રાજદૂતનું મોત.
- દેશભરમાં સાઇબર ક્રાઇમથી આઠ અબજ ડોલરનું નુકશાન.
- રાજકોટમાં વકિલો પર હુમલાથી વકિલોની સજ્જડ હડતાળ.
- મહારાષ્ટ્રમાં ૪૦ યુવાનો ગાયબ, ગુપ્તચર એજન્સીએ શંકા કે આતંકવાદી જૂથમાં જોડાયા.
- ધોરણ-૧૦માં હવે ૨૦૦ મિનિટમાં પેપર પૂર્ણ કરવું પડશે.
- ભાવનગરમાં ધુમાડાથી ગૂંગળાતા ભાઇ-બહેનનાં મોત.
- મહારાષ્ટ્ર સરકાર રાતપાળીમાં કામ કરતી મહિલાઓને સુરક્ષા માટે આપશે મરીનો પાવડર, જે વીજળીનો આંચકો અનુભવાય તેવો હશે.
- તા. ૧૮મીએ સરપંચ સંમેલનમાં વિરોધપક્ષનાં નેતા સુષ્મા સ્વરાજ ગાંધીનગર આવશે.
- આર્થિક ઉદારીકરણના ધરખમ પગલાં લેવા કેન્દ્રની તૈયારીઓ.
- ટી-૨૦ મેચમાં બુકીઓ ભરપેટ કપાયા, પંટરોના જંગી નાણાં ડૂબ્યા.
- સરકાર સાથે કરેલા ૬૩ એમ.ઓ.યુ.માંથી ૪૬નું બાળમરણ.

**ખજાનો** (પાના નં. ૪ નું ચાલુ)

(૩) ઋત્વિજ બી. પડિયા : સે-૨૮થી
પ્રશ્ન - ઓઝોન પડને નુકસાન કરવાર તત્ત્વોને શું કહે છે?
જવાબ - ઓ.ડી.એસ (ઓઝોન ડીપ્લીશન સબસ્ટન્ટ)
(૪) શાહ મૌલિક એચ : સે-૨૩થી
પ્રશ્ન - ભારતમાં પ્રથમ અંગ્રેજી સાપ્તાહિક કયારે શરૂ થયું?
જવાબ - ઈ. સ. ૧૭૭૮માં કોલકાત્તાથી બંગાળ ગેઝેટ
(૫) ધ્રુવ એમ.પટેલ : સે-૨૩થી
પ્રશ્ન - ૧૪ સપ્ટેમ્બર કયા દિવસે તરીકે ઉજવાય છે?
જવાબ - હિન્દી દિવસ અને અંધજન દિવસ

**આ સપ્તાહનો સવાલ...?**

તાજેતરમાં કયા કાર્ટૂનિસ્ટનો રાષ્ટ્રીય માનચિત્રોને લઈને દોરવામાં આવેલ કાર્ટૂનનાં કારણે રાજદ્રોહનો ગુનો લગાવી ધરપકડ કરવામાં આવી હતી?

*આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ*

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**સાચા જવાબો :-**

(૧) અ (૨) ડ (૩) ડ (૪) ડ (૫) અ (૬) ડ (૭) બ (૮) ડ (૯) ક
(૧૦) ડ (૧૧) બ (૧૨) ડ (૧૩) અ (૧૪) ડ (૧૫) ડ

## સંસ્કાર ચિંતન

• બીજા પાનાનું અનુસંધાન

ગીતાજીના આ શ્લોક પરની એક કથા અગાઉ વાંચવામાં આવેલી તે ટૂંકાવીને.

બનારસમાં એક પંડિતજી. ગીતા પર વિશ્વાસ રાખનાર. નાનકડું ગુરૂકુળ ચલાવે. એક સમયે પંડિતજીની આવડ શૂન્ય થઈ ગઈ. કયાંય મદદ ન મળી. પંડિતજીને ત્રણ દિવસના ઉપવાસ થયા. તો પંડિત વિવેક ચૂક્યા. આ શ્લોકની વાત ખોટી છે. તેમ બબડી કલમ લઈ શ્લોક પર મોટો લીટો તાણ્યા.. ગીતાને પડખે ત્રાંબાકુડીમાં નાખી.. પછી બબડતા બબડતા સ્નાન કરવા ગયા.

આ બાજુ બે બાળકો માથા પર છાણના પોટલા લઈ ઘરે આવ્યો ને કહું. મા આ ઉતારી લો. ગુરૂજીએ મોકલાવ્યું છે. ગોરાણીએ જોયું તો એક બાળકના વાંસા પર મોટા ઉઝરડો પડેલો.. ગોરાણીએ પૂછ્યું.. 'બેટા આ શું થયું', તો બાળક કહે મેં પાઠ બરાબર યાદ ન રાખ્યો તે ગુરૂએ સજા કરી છે. નાના બાળક પર આ સજા જોઈ ગોરાણી રડી પડ્યાને કહું. લાવ બેટા તને દવા લગાડી દઉં. તો બાળક કહે, મા ગુરૂજી આજે ગુસ્સામાં છે મને ડૂબકા ખવરાવ્યાં.. પણ તમે ન કહેતા. હવે હું પાઠ બરાબર યાદ રાખીશ..

બાળકો ગયા. પંડિતજી ઘરે આવ્યા. ગોરાણીએ ફરીયાદ કરી તો પંડિત કહે, 'અરે મેં તો મોકલાવ્યું નથી ને નથી કોઈને સજા કરી... પણ પછી તુરંત પોતાનું કૃત્ય યાદ આવ્યું ગીતા તો ભગવાનનો દેહ છે.'

ગોરાણીને કહું, એ ખુદ ભગવાન હતા. તું ધન્ય થઈ ગઈ મેં ગીતા વાંચી પણ વિશ્વાસ ન રહ્યો તે પ્રભુના દર્શનથી વંચિત રહ્યો.

એટલે વિશ્વાસ તથા શ્રદ્ધા પૂર્વક જે ભગવાનને યાદ કરે છે તેને તો હોંકારો તુરંત મળે છે. માત્ર પ્રશ્ન છે આપણી શ્રદ્ધાનો...